# ટૂંકી મુદતનો પ્રશ્ન

તા.૨૧/૦૮/૨૦૨૪

## રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળવા બાબત

ટૂં.મુ. પ્રશ્ન ક્રમાંક:- 15/5/5 **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે,

**જવાબ**

(૧) સીઝનમાં ખાતરની જરૂરીયાત અંગે ખાતા કક્ષાએ ખાતર કંપનીઓ તથા ટેકનીકલ અધિકારીઓ સાથે પ્રિ-સીઝનલ બેઠક કરવામાં આવે છે.

| સીઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ-૨૦૨૩ | ૦૬/૦૨/૨૦૨૩ |
| રવી-૨૦૨૩ | ૨૮/૦૮/૨૦૨૩ |
| ખરીફ-૨૦૨૪ | ૦૩/૦૨/૨૦૨૪ |

ખાતરની જરૂરીયાત નક્કી કરવા રાજ્ય ખાતર સલાહકાર સમિતિની બેઠક બોલાવવામાં આવે છે અને તે આધારિત સીઝનની માંગણી કેન્દ્ર સરકારશ્રીમાં મોકલવામાં આવે છે.

| સીઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ-૨૦૨૩ | ૧૦/૦૨/૨૦૨૩ |
| રવી-૨૦૨૩ | ૧૨/૦૯/૨૦૨૩ |
| ખરીફ-૨૦૨૪ | ૦૫/૦૨/૨૦૨૪ |

ભારત સરકારશ્રી સાથે સીઝન શરૂ થતા પહેલા ઝોનલ કોન્ફરન્સ થાય તેમાં ખાતરની જરૂરીયાત બાબતે ચર્ચા અને રજૂઆત કરવામાં આવે છે.

| સીઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ-૨૦૨૩ | ૧૫/૦૨/૨૦૨૩ |
| રવી-૨૦૨૩ | ૦૪/૦૯/૨૦૨૩ |
| ખરીફ-૨૦૨૪ | ૦૭/૦૨/૨૦૨૪ |

- સપ્લાયના મોનીટરીંગ માટે ખાતર કંપનીઓ સાથે માસિક સમીક્ષા બેઠક કરવામાં આવે છે.
- ભારત સરકારશ્રી દ્વારા આયોજીત અઠવાડિક વિડીયો કોન્ફરન્સમાં ખાતરની જરૂરીયાત બાબતે સમીક્ષા કરવામાં આવે છે.

- જિલ્લા કક્ષાએ ખેતીવાડી ખાતાના અધિકારીઓ દ્વારા સપ્લાય, જરૂરીયાત અને વિતરણનું મોનીટરીંગ કરવામાં આવે છે.
- ભારત સરકારશ્રી દ્વારા રાસાયણિક ખાતરનો સપ્લાય મુજબનો જથ્થો મેળવી ઓફ સીઝનને અનુરૂપ આગોતરા આયોજન માટે સંગ્રહ કરવામાં આવે છે અને જરૂરિયાતના આંકલન મુજબ જિલ્લા કક્ષાએથી જથ્થો છુટ્ટો કરવામાં આવે છે.

આ ઉપરાંત ખાસ સંજોગોમાં ખાતર કંપનીઓ સાથે સંકલન રાખવામાં આવે છે અને કેન્દ્ર સરકાર સાથે સંકલન કરવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા યુરીયા અને ડી.એ.પી. ખાતરના કેટલા જથ્થાની માંગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી અને તેની સામે કેન્દ્ર સરકાર દ્વારા કેટલો જથ્થો મંજૂર કરવામાં આવ્યો?

(૨)

| **સીઝન** | **ખાતરનું નામ** | **કેન્દ્ર સરકાર સમક્ષ કરેલ માંગણી (મેટ્રિક ટન)** | **કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરેલ જથ્થો (મેટ્રિક ટન) (સિઝનના ઉઘડતા સ્ટોક સાથે)** |
|---|---|---|---|
| **ખરીફ-૨૦૨૩** | યુરીયા | ૧૨,૭૫,૦૦૦ | ૧૪,૦૦,૮૨૩ |
| | ડી.એ.પી અને અન્ય ફોસ્ફેટીક | ૬,૨૫,૦૦૦ | ૮,૯૦,૧૫૩ |
| **રવી-૨૦૨૩** | યુરીયા | ૧૩,૭૫,૦૦૦ | ૧૫,૨૮,૧૩૪ |
| | ડી.એ.પી અને અન્ય ફોસ્ફેટીક | ૬,૦૦,૦૦૦ | ૮,૩૫,૨૯૩ |
| **ખરીફ-૨૦૨૪** | યુરીયા | ૧૨,૭૫,૦૦૦ | ૧૪,૯૫,૩૨૩ |
| | ડી.એ.પી અને અન્ય ફોસ્ફેટીક | ૬,૪૫,૦૦૦ | ૮,૯૦,૫૨૮ |

## અગ્રતા ક્રમ -૨

## ટૂંકી મુદત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫

પ્રશ્નઃ-૧ રાજ્યમાં રાસાયણિક ખાતરની જરૂરિયાત જેટલો જથ્થો ઉપલ્બ્ધ થયેલ છે કે કેમ?

જવાબ :- છેલ્લા એક વર્ષમાં ભારત સરકારશ્રી સમક્ષ યુરીયા-ડી.એ.પી અને અન્ય ખાતર મળીને કુલ ૫૯ લાખ ૮૨ હજાર મેટ્રીક ટન માંગણી કરવામાં આવેલ અને ભારત સરકારશ્રી દ્વારા યુરીયા-ડી.એ.પી અને અન્ય ખાતર મળીને કુલ ૬૨ લાખ ૬૦ હજાર મેટ્રીક ટન (ઉઘડતો સ્ટોક અને નેનો યુરીયા સહીત) જથ્થો પૂરો પાડવામાં આવેલ છે.

(6)

## અગ્રતા ક્રમ -૨

## ટૂંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫

પ્રશ્ન:-૨ રાજ્યમાં ખાતર વિતરણ માટેની શું વ્યવસ્થા છે?

જવાબ :-રાજ્યમાં કુલ ૧૭ જેટલી સરકાર માન્ય મુખ્ય ખાતર વિતરક સંસ્થાઓ, ૮૫૦ થી વધુ હોલસેલર તેમજ ગુજકોમાસોલ તથા ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ અને અન્ય મળીને કુલ ૯૦૦૦ થી વધુ સક્રિય ખાતર વિક્રેતાઓ રાસાયણિક ખાતરની વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલા છે.

## અગ્રતા ક્રમ –૨
## ટૂંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫



પ્રશ્ન:–૩ ભારત સરકારશ્રી દ્વારા ગત વર્ષમાં રાસાયણિક ખાતર માટે કેટલી સબસીડી આપવામાં આવેલ છે?

જવાબ :–વર્ષ ૨૦૨૩–૨૪માં ૩૯.૬૦ લાખ મેટ્રિક ટન રાસાયણિક ખાતર રાજયના ખેડૂતોને ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેના પર ભારત સરકારશ્રી દ્વારા અંદાજિત રૂા.૮૦૦૦ કરોડથી વધુ સહાય આપવામાં આવેલ છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખાતરનો પુરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાની વિપરીત પરિસ્થિત સામે પણ ભારત સરકારશ્રી દ્વારા દરેક વર્ષે જરૂરીયાત મુજબનો જથ્થો પૂરો પાડેલ છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ડી.એ.પી. અને એન.પી.કે. ખાતર તેમજ ખાતરના કાચામાલમાં છેલ્લા કેટલાક સમયમાં ઘણો વધારો થવાથી ખાતરની પડતર કિંમતમાં પણ વધારો થવા પામેલ છે. આમ, છતાં સદર ભાવવધારાનો બોજ સીધો ખેડૂતો ઉપર ન આવે તે માટે ભારત સરકારશ્રી દ્વારા ફોસ્ફેટિક અને પોટાશિક ફર્ટીલાઇઝરમાં સબસીડીની રકમમાં માતબર વધારો કરેલ છે.

નવા શોધાયેલ અને પરિવર્તન મુજબ હાલના પ્રદુષણ અને જમીનના બગાડ અટકાવવા માટે ભારત સરકારશ્રી દ્વારા નેનો યુરીયા પણ ફાળવવામાં આવે છે.

## અગ્રતા ક્રમ –૨

## ટૂંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫



પ્રશ્ન:–૪ રાસાયણિક ખાતરથી જમીનનો બગાડ અને માનવ સ્વાસ્થ્યને અસર થાય છે તે વાત સાચી? અને સરકારે તે અંગે શું પગલાં લઇ રહી છે?

જવાબ :– હા, વાત સાચી

દાણાદાર રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીનનો બગાડ થતો હોઈ, પાન પર સીધો છંટકાવ થઇ શકે તેવા નેનો ખાતર ખેડૂતોને ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ગુજરાત સરકાર દ્વારા ચાલુ વર્ષ એ.જી.આર.–૨ યોજના હેઠળ નેનો ખાતરની ખરીદીમાં સહાય માટે ૩.૪૫.૦૦ કરોડની જોગવાઈ કરેલ છે. જેમાં રાજ્યના તમામ ખેડૂતોને નેનો યુરિયાની ખરીદી પર પ્રતિ હેક્ટર મહત્તમ ૩.૭૫૦/– ની સહાય રાજ્ય સરકારશ્રી તરફથી મળશે.

## અગ્રતા ક્રમ -૨
## ટૂંકી મુદ્દત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫

પ્રશ્નઃ-૫ યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની ફરજ ન પડે તે માટે સરકારે શી વ્યવસ્થા કરેલી છે?

અને મારો બીજો પ્રશ્ન છે કે,

ખેડૂતોને યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુ ન ખરીદવી પડે તે માટે શા આદેશો કરેલા છે ?

જવાબ :- યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની ફરજ ન પડે તે માટે રાસાયણિક ખાતર વિક્રેતાના વેચાણ કેન્દ્રો પર સંબંધિત તાલુકાના ખેતી અધિકારી તથા જિલ્લાના નાયબ ખેતી નિયામક(વિસ્તરણ) દ્વારા તકેદારી રાખવામાં આવે છે અને ખેડૂતોએ યુરીયા ખાતરની ખરીદી પાકા બીલથી જ કરવા વિવિધ પ્રચાર પ્રસારના માધ્યમો દ્વારા જાગૃત કરવામાં આવે છે.

માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો...

યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુની ખરીદી ન કરવી પડે તે માટે કાયદાકીય રક્ષણ આપવાને હેતુસર....

ખાતા કક્ષાએ અગાઉ ખાતર કંપનીઓ સાથે બેઠક યોજી રાજ્ય સરકાર દ્વારા ખાતર સાથે અન્ય પ્રોડક્ટ ફરજીયાત ન આપવા અંગે પત્રથી ખાતર વેચાણ કરતી તમામ કંપનીઓને તથા વિક્રેતાઓને આ અંગે તાકીદ કરવામાં આવેલ છે.

વિભાગ કક્ષાએ પણ આ અંગે તા.૨૦/૦૮/૨૦૨૪ ના રોજ મુખ્ય ખાતર કંપનીઓ સાથે બેઠક હાથ ધરવામાં આવી.

ભારત સરકારશ્રીના પત્રથી ખાતર સાથે અન્ય પ્રોડક્ટ ફરજીયાત ન આપવા અંગે પરીપત્ર કરવામાં આવેલ છે.